# વંદુના પદ - ૧

વંદું સહજાનંદ રસરૂપ,
અનુપમ સારને રે લોલ,
જેને ભજતાં છૂટે ફંદ,
કરે ભવ પારને રે લોલ..૦૧
સમરું પ્રગટ રૂપ સુખધામ,
અનુપમ નામને રે લોલ,
જેને ભવ બ્રહ્માદિક દેવ,
ભજે તજી કામને રે લોલ..૦૨
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર,
કે પાર કોઈ નવ લહે રે લોલ,
જેને શેષ સહસ્ર મુખ ગાય,
નિગમ નેતિ કહે રે લોલ..૦૩
વર્ણવું સુંદર રૂપ અનુપ,
જુગલ ચરણે નમી રે લોલ,
નખશિખ પ્રેમસખીના નાથ,
રહો ઉરમાં રમી રે લોલ..૦૪

SMVS

# વંદુના પદ - ૨

આવો મારા મોહન મીઠડા લાલ,
કે જોઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયા રાજ,
વિસારું નહિ ઉરથી રે લોલ..૦૧
મન મારું મોહ્યું મોહનલાલ,
પાઘલડીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલાં ખોસું છેલ,
ખાંતીલા જોઉં ખાંતમાં રે લોલ..૦૨
વ્હાલા તારું ઝળકે સુંદર ભાલ,
તિલક રૂડાં કર્યાં રે લોલ,
વ્હાલા તારા વામ કરણમાં તિલ,
તેણે મનડાં હર્યાં રે લોલ...૦૩
વ્હાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ,
કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ,
કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ..૦૪

# વંદુના પદ - 3

વ્હાલા મુને વશ કીધી વૃષરાજ,
વાલપ તારા વા'લમાં રે લોલ,
મન મારું તલપે જોવા કાજ,
ટીબકડી છે ગાલમાં રે લોલ..૦૧
વ્હાલા તારી નાસિકા નમણી નાથ,
અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન,
જોયા જેવી ચાલ છે રે લોલ..૦૨
વ્હાલા તારા દંત દાડમનાં બીજ,
ચતુરાઈ ચાવતા રે લોલ,
વ્હાલા મારા પ્રાણ હરો છો નાથ,
મીઠું મીઠું ગાવતા રે લોલ..૦૩
વ્હાલા તારે હસવે હરાણું ચિત્ત,
બીજું હવે નવ ગમે રે લોલ,
મન મારું પ્રેમસખીના નાથ,
કે તમ કેડે ભમે રે લોલ..૦૪

SMVS

# વંદુના પદ - ૪

રસિયા જોઈ રૂપાળી કોટ,
રૂડી રેખાવળી રે લોલ,
વ્હાલા મારું મનડું મળવા ચહાય,
કે જાય ચિત્તડું ચળી રે લોલ..૦૧
વ્હાલા તારી જમણી ભુજાને પાસ,
રૂડાં તિલ ચાર છે રે લોલ,
વ્હાલા તારા કંઠ વચ્ચે તિલ એક,
અનુપમ સાર છે રે લોલ..૦૨
વ્હાલા તારા ઉરમાં વિણગુણ હાર,
જોઈ નેણાં ઠરે રે લોલ,
વ્હાલા તે તો જાણે પ્રેમીજન,
જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ..૦૩
રસિયા જોઈ તમારું રૂપ,
રસિક જન ઘેલડાં રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના નાથ,
સુંદરવર છેલડાં રે લોલ..૦૪

શ્રીજી સ્વામિનારાયણ મંદિર બાપા
વાસણા સંસ્થા
SMVS

# વંદુના પદ - ૫

વ્હાલા તારી ભુજા જુગલ જગદીશ,
જોઈને જાઉં વારણે રે લોલ,
કરનાં લટકાં કરતા લાલ,
આવોને મારે બારણે રે લોલ..૦૧
વ્હાલા તારી આંગળીઓની રેખા,
નખમણિ જોઈને રે લોલ,
વ્હાલા મારા ચિત્તમાં રાખું ચોરી,
કહું નહિ કોઈને રે લોલ..૦૨
વ્હાલા તારા ઉરમાં અનુપમ છાપ,
જોવાને જીવ આકળો રે લોલ,
વ્હાલા મારે હૈડે હરખ ન માંય,
જાણું જે હમણાં મળો રે લોલ..૦૩
વ્હાલા તારું ઉદર અતિ રસરૂપ,
શીતળ સદા નાથજી રે લોલ,
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ,
મળું ભરી બાથજી રે લોલ..૦૪

શ્રીજી સ્વામિનારાયણ મંદિર બાપા
વાસણા સંસ્થા
SMVS

# વંદુના પદ - ૬

વ્હાલા તારી મૂર્તિ અતિ રસરૂપ,
રસિક જોઈને જીવે રે લોલ,
વ્હાલા એ રસના ચાખણહાર,
કે છાસ તે નવ પીવે રે લોલ..૦૧
વ્હાલા મારે સુખસંપત તમે શ્યામ,
મોહન મનભાવતા રે લોલ,
આવો મારે મંદિર જીવનપ્રાણ,
હસીને બોલાવતા રે લોલ..૦૨
વ્હાલા તારું રૂપ અનુપમ ગૌર,
મૂર્તિ મનમાં ગમે રે લોલ,
વ્હાલા તારું જોબન જોવા કાજ,
કે ચિત્ત ચરણે નમે રે લોલ..૦૩
આવો મારા રસિયા રાજીવનેણ,
મર્મ કરી બોલતા રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના સેણ,
મંદિર મારે ડોલતા રે લોલ..૦૪

SMVS

# વંદુના પદ - ૭

વ્હાલા તારું રૂપ અનુપમ નાથ,
ઉદર શોભા ઘણી રે લોલ,
ત્રિવળી જોઉં સુંદર છેલ,
આવોને ઓરા અમ ભણી રે લોલ..૦૧
વ્હાલા તારી નાભિ નૌતમ રૂપ,
ઊંડી અતિ ગોળ છે રે લોલ,
કટિલંક જોઈને સહજાનંદ,
કે મન રંગચોળ છે રે લોલ..૦૨
વ્હાલા તારી જંઘા જુગલની શોભા,
મનમાં જોઈ રહું રે લોલ,
વ્હાલા નિત્ય નીરખું પિંડી ને પાની,
કોઈને નવ કહું રે લોલ..૦૩
વ્હાલા તારા ચરણકમળનું ધ્યાન,
ધરું અતિ હેતમાં રે લોલ,
આવો વ્હાલા પ્રેમસખીના નાથ,
રાખું મારા ચિત્તમાં રે લોલ..૦૪

શ્રીજી બાપા વાસણા સંસ્થા SMVS

# વંદુના પદ - ૮

વ્હાલા તારા જુગલ ચરણ રસરૂપ,
વખાણું વ્હાલમાં રે લોલ,
વ્હાલા અતિ કોમળ અરુણ રસાળ,
ચોરે ચિત્ત ચાલમાં રે લોલ..૦૧
વ્હાલા તારે જમણે અંગૂઠે તિલ,
કે નખમાં ચિહ્ન છે રે લોલ,
વ્હાલા છેલી આંગળીએ તિલ એક,
જોવાને મન દીન છે રે લોલ..૦૨
વ્હાલા તારા નખની અરુણતા જોઈને,
શશીકળા ક્ષીણ છે રે લોલ,
વ્હાલા રસચોર ચકોર જે ભક્ત,
જોવાને પ્રવીણ છે રે લોલ..૦૩
વ્હાલા તારી ઊર્ધ્વરેખામાં ચિત્ત,
રહો કરી વાસને રે લોલ,
માગે પ્રેમસખી કર જોડી,
દેજો દાન દાસને રે લોલ..૦૪